# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


<u>*પરિપત્ર:*</u>

**વિષય: શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના ફોર્મ ભરવા તથા વેરીફીકેશનની પ્રક્રિયા કરવા બાબત.**
**સંદર્ભ: ૧) GCAS દ્વારા જાહેર કરેલ વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા ગાઈડલાઈન.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે **શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં GCAS PORTAL** અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા કાર્યરત છે.જે અન્વયે દરેક/સંસ્થા કોલેજમાં ફી ફોર્મ ફીલિંગ સેન્ટર તથા વેરીફીકેશન સેન્ટરના યુઝરનેમ એન્ડ પાસવર્ડ પણ કાર્યરત છે.જે અન્વયે **તા:૧૫/૦૫/૨૦૨૫** ના રોજ ઓનલાઈન રાજ્યસરકારશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી સાથે થયેલ મીટીંગ પરત્વે દરેક કોલેજ/સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના ફી ફોર્મ ફીલિંગ સેન્ટર તથા વેરીફીકેશન સેન્ટર કાર્યરત રાખવા.સંસ્થા/કોલેજ દ્વારા અન્ય કોલેજ તથા અન્ય યુનિવર્સિટી પસંદ કરેલ વિદ્યાર્થીના ફોર્મ વેરીફાય કરવામાં આવતા નથી જેની ફરિયાદ અત્રેની યુનિવર્સિટી તથા ઉચ્ચ શિક્ષણમાંથી આવેલ છે.જે અનુસંધાને વિદ્યાર્થી દ્વારા અન્ય કોલેજના અથવા અન્ય યુનિવર્સિટી પસંદ કરેલ વિદ્યાર્થીઓ આપશ્રીની કોલેજમાં વેરીફાય કરવા આવે તો ફરજીયાત એપ્લીકેશન ફોર્મ તથા આધારો વેરીફાય કરવાના રહેશે.જે સંસ્થા/કોલેજ દ્વારા વેરીફાય કરવાની ના પાડવામાં આવશે તેવી સંસ્થા/કોલેજમાં નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.જેના પેનલ્ટીના નિયમો આ સાથે સામેલ છે. હાલ વિદ્યાર્થી પાસે નોન -ક્રીમીલીયર સર્ટીફીકેટ આવેલ ન હોય તો તેની કરેલ અરજીના નંબરથી **Conditionally Verified** કરવાનું રહેશે. જેની સર્વે આચાર્યશ્રીઓ દ્વારા નોંધ લેવી.

**નોંધ:જે સંસ્થા/કોલેજ દ્વારા ફોર્મ ફીલર તથા ફોર્મ વેરીફાયરના લોગીન કરેલ નથી તેવી સંસ્થા/કોલેજો દ્વારા ફરજીયાત તા:૧૬/૦૫/૨૦૨૫ સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીમાં લોગીન કરવાનું રહેશે.**

<u>*બિડાણ:પેનલ્ટીના નિયમો દર્શાવતું પત્રક.*</u>

Bhakta Kavi Narsinh Mehta University Junagadh.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૯૯/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૬/૦૫/૨૦૨૫

**પ્રતિ,-** ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ તરફ...
**<u>નકલ સાદર રવાના:-</u>** (૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
**<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-</u>** (૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

નંક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૫૦૨/૨૦૨૫

તા:૧૨/૦૩/૨૦૨૫

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા,બ્લોક નં:૧૨ બીજો માળ
ડો.જીવરાજ મહેતા ભવન.
ગાંધીનગર.

વિષય:પ્રવેશની કાર્યવાહી માટે નાણાકીય પેનલ્ટીના નિયમો નક્કી કરવા બાબત.
સંદર્ભ:આપની કચેરીનો પત્ર ક્રમાંક:જીકેસ/પસક/૨૦૨૪-૨૫/૨૩૨,તા:૧૮/૦૨/૨૦૨૫ નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે,સંદર્ભ દર્શિત પત્રથી આપના દ્વારા જે નાણાકીય/વહીવટી પેનલ્ટીના નિયમોની માહિતી મંગાવવામાં આવેલ હતી તે અત્રેની યુનિવર્સિટી દ્વારા તેના પેનલ્ટીના નિયમો જે આગામી એકેડેમિક કાઉન્સિલ/બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજુરીની અપેક્ષાએ નક્કી કરવામાં આવેલ છે જે આ સાથે સામેલ છે.જે ધ્યાને લેવા વિનંતી.

Bhakta Kavi Narsinh Mehta University Junagadh.

કા.કુલસચિવ

બિડાણ:નાણાકીય/વહીવટી પેનલ્ટીના નિયમો.

નકલ સાદર રવાના:
માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ - ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ - ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503
www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh

## નાણાકીય/વહીવટી પેનલ્ટીના નિયમો નક્કી કરવા માટેના સૂચિત મુદ્દાઓ

| ક્રમ | વિગત | પેનલ્ટીની વિગત | ફી ની વિગત |
|---|---|---|---|
| ૧. | કોલેજ યુનિવર્સિટી ભવન દ્વારા સમયસર GCAS-યુનિવર્સિટીને ડેટા આપવામાં ન આવે | કોલેજ/યુનિવર્સિટી ભવનના લેટરપેડ પર આચાર્યશ્રી/અધ્યક્ષશ્રીનાં ખુલાસા સાથે પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૧૦૦/- |
| ૨. | કોલેજ યુનિવર્સિટી ભવન દ્વારા આપવામાં આવેલ ડેટામાં ક્ષતિના સુધારા માટે GCAS યુનિવર્સિટીને કરવામાં આવતી વિનંતીના કિસ્સામાં | કોલેજ/યુનિવર્સિટી ભવનના લેટરપેડ પર આચાર્યશ્રી/અધ્યક્ષશ્રીનાં કારણો સહીત ક્ષતિ અંગેની સ્પષ્ટતા મંગાવવી સાથે પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૧૦૦/- |
| ૩. | પ્રવેશ કાર્યવાહી દરમિયાન GCAS યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ શેડ્યુલ મુજબ સમયમર્યાદામાં કાર્યવાહી ન કરવાના કિસ્સામાં | કોલેજ/યુનિવર્સિટી ભવનના લેટરપેડ પર આચાર્યશ્રી/અધ્યક્ષશ્રીનાં ખુલાસા સહીત પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૫૦૦/- |
| ૪. | ફી ફોર્મ ફીલિંગ સેન્ટર યોગ્ય રીતે કાર્યરત ન કરવાના કિસ્સામાં | અયોગ્ય જણાય તેવા કિસ્સામાં કોલેજના લેટરપેડ પર આચાર્યશ્રીની સ્પષ્ટતા મંગાવવી અને જો માળખાકીય સુવિધા ના હોય તેવા કીસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૧૫૦/- |
| ૫. | ફી ફોર્મ ફીલિંગ સેન્ટર ખાતે વિદ્યાર્થીના ફોર્મ ભરવાના કિસ્સામાં ક્ષતિના કિસ્સામાં કે વિદ્યાર્થી પાસેથી ફી ફોર્મ ફીલિંગ સેન્ટરખાતે કોઈપણ પ્રકારની ફી કે ચુકવણું લેવાના કિસ્સામાં. | વિદ્યાર્થીની લેખિત ફરિયાદ આધારે જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૨૦૦/- |
| ૬. | વેરીફીકેશન સેન્ટર યોગ્ય રીતે કાર્યરત ન કરવાના કિસ્સામાં | અયોગ્ય જણાય તેવા કિસ્સામાં કોલેજના લેટરપેડ પર આચાર્યશ્રીની સ્પષ્ટતા મંગાવવી અને જો માળખાકીય સુવિધા ના હોય તેવા કીસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૨૫૦/- |
| ૭. | વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાના કિસ્સામાં વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવેલ ફરિયાદોના કીસ્સામાં | જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૨૦૦/- |
| ૮. | વેરીફીકેશન સેન્ટર ખાતે વિદ્યાર્થીઓના વેરીફીકેશનમાં ક્ષતિ કરવાના કિસ્સામાં. | જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૨૫૦/- |
| ૯. | પ્રવેશની કાર્યવાહી દરમ્યાન GCAS યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવેલ શેડ્યુલ મુજબ સમય મર્યાદામાં કાર્યવાહી ના કરવાનાં કિસ્સામાં | કોલેજના લેટરપેડ પર આચાર્યશ્રીનાં ખુલાસા સાથે પેનલ્ટીની જોગવાઈ કરાવી. | રૂ. ૫૦૦/- |
| ૧૦. | વિદ્યાર્થીઓને પ્રવેશ ઓફર કર્યા બાદ પ્રવેશ નિયત સમયમર્યાદામાં પ્રવેશ કન્ફર્મ ન કરવાના કિસ્સામાં | કોલેજ દ્વારા નિયત સમયમર્યાદામાં પ્રક્રિયાના કરવામાં આવે તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૫૦૦/- |
| ૧૧. | કોલેજ યુનિવર્સિટી દ્વારા વેરીફીકેશન સેન્ટર આપે પ્રવેશ પ્રક્રિયા દરમિયાન ઓરીજીનલ દસ્તાવેજ રાખવાના કિસ્સાની ફરિયાદ મળ્યાના કિસ્સામાં. | વિદ્યાર્થીની લેખિત ફરિયાદ આધારે જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૧૦૦૦/- |
| ૧૨. | યુ.જી.સી/વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ ફી રીફંડ પોલીસી મુજબ વિદ્યાર્થીઓને ફી પરત ન કરવાના કીસ્સામાં. | વિદ્યાર્થીની લેખિત ફરિયાદ આધારે જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કીસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. (સરકારી કોલેજો સિવાય) | રૂ.૫૦૦૦ (સરકારી કોલેજ સિવાય) |
| ૧૩. | યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવતા અન્ય કિસ્સામાં | માન.કુલપતિશ્રી દ્વારા કેસ મુજબ નક્કી કરાય તે | - |

Bhakta Kavi Narsinh Mehta University Junagadh.